મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૯.૯ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૧૬ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના બજારોમાં લાલ બટાકાની બોલબાલા

લાલ બટાકાનો ભાવ રૂ. ૨૫ થી રૂ. ૩૦ : લાલ બટાકામાંથી કાતરી, વેફર સિવાય બાળકો માટે અવનવી વાનગીઓ બનાવતી ગૃહિણીઓ

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં પુખરાજ અને બાદશાહ જેવા વ્હાઈટ બટાકા સિવાય વેફર્સમાં વપરાતા લાલ બટાકાની આવક થઈ રહી છે. શહેરના બજારોમાં લાલ બટાકાની ધૂમ આવક થઈ છે. જેનો ભાવ રૂ. ૨૫ થી રૂ. ૩૦ પ્રતિ કિલો વેપારીઓ દ્વારા જણાવવામાં આવ્યો હતો.

લાલ બટાકાનો ઉપયોગ વેફર, કાતરી, ફ્રેન્ચફાઈ જેવી વાનગી બનાવવા માટે કરવામાં આવે છે. ઉનાળાના તડકામાં ગૃહિણીઓ લાલ બટાકામાંથી કાતરી અને વેફરની છીણ ધાબા પર સૂકવીને બારેમાસ ખાવા માટે ઉપયોગમાં લઈ શકાય તેટલા પ્રમાણમાં બનાવે છે. લાલ બટાકાની કાતરીને છીણીને ગરમ પાણીમાં બાફીને તડકે સુકવવામાં આવે છે. આ સૂકવેલી કાતરીને તેલમાં તળીને નાસ્તામાં ઉપયોગમાં લેવાય છે. સ્કૂલમાં બાળકોને રોજ અલગ અલગ નાસ્તાઓ બનાવી આપતી ગૃહિણીઓ તેમના બાળકોને આ વેફરનો નાસ્તો પણ ભરી આપે છે. બાળકોને બહારના પડીકા અને નાસ્તાનો ચસકો લાગી જાય છે જેને કારણે ઘરનું ખાવાનું બાળકોને પસંદ પડતું હોતુ નથી. વિવિધ ફાસ્ટ ફૂડ અને નાસ્તાઓના કારણે બાળકોને તેમના ઘરના નાસ્તા પણ બેસ્વાદ લાગતા હોય છે. પરંતુ ગૃહિણીઓ પણ હવે બાળકોના સ્વાદને પારખીને અવનવી વાનગી ઘરે જ બનાવે છે જેમાં ટવીસ્ટ કરીને નાસ્તાઓમાં વિવિધ વેરાયટીઓ બનાવે છે અને કોરોનાકાળમાં ગૃહિણીઓની તો જાણે પરીક્ષા લેવાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું હતું. બાળકો જાતજાતના ભાવતા ભોજન બનાવવાની માંગણીઓ લોકડાઉન દરમિયાન કરતા હતા અને ગૃહિણીઓ તેમના બાળકોને ગમે તેવી વાનગીઓ પણ બનાવી આપતી હતી. મા જેટલો પ્રેમ દુનિયામાં બીજું કોઈ ન કરી શકે. આમ, લાલ બટાકાની કાતરીમાંથી પણ ટવીસ્ટ કરેલી જુદી જુદી રેસીપીઓ તૈયાર કરીને બાળકો માટે તૈયાર કરવામાં આવે છે.

શહેરમાં ગૃહિણીઓ દ્વારા અવનવા ખાણીપીણીના બિઝનસ શરૂ કરવામાં આવી રહ્યા છે. ગૃહિણીઓ ઘરે બેસીને પણ શહેરભરમાં પોતાની ક્રિએટીવીટી બતાવી રહી છે. આજની મહિલાઓ ઘરકામની સાથે સાથે ઓનલાઈન બિઝનેસમાં વધુ રસ દાખવી રહી છે. જેમાં આ લાલ બટાકાની વેફર, કાતરીના પેકીંગ કરીને ઓનલાઈન ઓર્ડર લઈને પોતાના નાના-મોટા વ્યવસાય કરે છે અને તેઓ સફળ પણ થાય છે.

લાલ બટાકાના ફાયદા

- લાલ બટાકામાં પ્રકાશ, સફેદ અથવા પીળી છાલવાળા કંદ કરતા વધુ ઉપયોગી ટ્રેસ તત્વો હોય છે.
- લાલ બટાકાનો વપરાશ તણાવનું સ્તર ઓછું કરે છે.
- હ્યુમન શરીરના કોષની કામગીરીમાં સુધારો કરે છે.
- લાલ બટાકા જટિલ કાર્બોહાઈડ્રેટનો સ્ત્રોત છે.
- લાલ બટાકા એ કોમ્પ્લેકસ કાર્બોદિત પદાર્થોથી ભરપૂર છે જે શરીરને ભરપૂર એનર્જી આપે છે.
- તે વિટામીન અને મિનરલ્સથી ભરપૂર છે.
- બીજા શાકભાજી કરતાં બટાકામાં પોટેશિયમ વધુ હોય છે.
- બટાકાની છાલમાં બિમારીઓ સામે લડવાની શકિત હોય છે.
- બટાકા ફરાળી ચીજ ગણાય છે જેને ઉપવાસમાં છૂટથી ખાઈ શકાય છે.
- બટાકાને બાફી,સૂકવીને તેનો લોટ બનાવવામાં આવે છે અને તેમાંથી શીરો-પુરી વગેરે બને છે.

જન્મદિને વધામણી

પલ્લવીબેન ત્રિવેદી

આજે સે-૨૨માં નર્મદા પરિક્રમાના સંભારણાંનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય હોલ, નવરાત્રિ મેદાન, સે-૨૨માં નર્મદા પરિક્રમાના સંભારણાનો કાર્યક્રમ યોજાશે. જેનું સાંજે પથી ૭ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં કૈલાસયાત્રી અને નર્મદા પરિક્રમાવાસી પ્રજ્ઞાબહેન પટેલ મા નર્મદાની પરિક્રમાના સંભારણાં રજૂ કરશે. એમણે આ પરિક્રમા વર્ષ ૨૦૨૦માં કરી હતી. આ પ્રસંગે ગાંધીનગરના નર્મદા પરિક્રમાવાસીઓનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે તથા બેઠક વ્યવસ્થાના ભાગરૂપે મો. ૮૮૪૯૬૭૧૫૭, ૯૮૨૫૪૩૮૩૯૪ નંબર પર સંપર્ક કરીને જણાવવાનું રહેશે.

સરકારી વિજ્ઞાન કોલેજમાં વિશ્વ ચકલી દિવસ અને વિશ્વ વન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે ઈકો ક્લબ અંતર્ગત **'WORLD SPARROW DAY'** અને **'INTERNATIONAL DAY OF FOREST'** વિશ્વ વન દિવસની ઉજવણીના ભાગ રૂપે ગીર ફાઉન્ડેશન અને ગુજકોસ્ટના સયુંક્ત ઉપક્રમે ઈંદ્રોડા પાર્ક, ગાંધીનગર ખાતે વિવિધ પ્રવૃતિઓ જેવી કે બર્ડ વોચીંગ, ચકલીના માળા બનાવવા, વિષય સંબધિત વ્યાખ્યાન, **"I Love Sparrows"** થીમને અનુરૂપ ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. એમ. જી. ભટ્ટ સરની પ્રેરણાથી કોલેજના ઈકો ક્લબના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અહીં નેચર એજ્યુકેટર આલાપભાઈ તથા બર્ડ વોચર અને નેચરાલિસ્ટ ઈર્શાદભાઈ ઠેબા દ્વારા કુદરતી વતાવરણમા વિવિધ પક્ષીઓનું નિરીક્ષણ તથા ચકલી, બ્લુ ટઈલ્ડ બી ઈટર, ઈન્ડીયન રોલર, બુલ – બુલ, કોયલ, કોમન બેબ્લર, બ્લેક ડ્રોંગો, બ્લેક કાઈટ રોક પીજીયન વગેરે પક્ષીઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

ગીર ફાઉન્ડેશનના આસીસ્ટન્ટ પ્રોફેસર કો – ઓર્ડીનેટર વૈશાલીબેન, સરકારી વિજ્ઞાન કોલેજના ઈકો ક્લબના ચેરમેન ડૉ. પ્રજ્ઞા પી. પ્રજાપતિ તથા ઈકો ક્લબના સભ્ય ડૉ. બિન્નીબેન કરલીકરે સફળ નેતૃત્વ કર્યુ હતું. ભાગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ સુંદર અને ચકલીઓ પ્રત્યે લાગણી દર્શાવતા ચિત્રોને નિહાળી નિર્ણાયક દ્વારા કોલેજની વિદ્યાર્થીની ઝાલા શ્રધ્ધા બી., પટેલ દિયા અને હોંગલ વૈભવીને વિજેતા જાહેર કરી ગુજકોસ્ટ દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટનું વિતરણ કરવામા આવ્યુ હતુ. ઈનામ વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્ય ડૉ. એમ. જી. ભટ્ટ અને કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'વર્લ્ડ પોએટ્રી ડે' નિમિત્તે પોએટ્રી કોમ્પિટિશન યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'વર્લ્ડ પોએટ્રી ડે' નિમિત્તે પોએટ્રી કોમ્પિટીશન યોજવામાં આવી હતી. મનુષ્ય ખરેખર જે વિચારવા ઈચ્છે છે, એ વિચારી અભિવ્યક્ત કરવાનો પરવાનો એટલે કવિતા. તો આવી જ રીતે જીવનનાં સત્યની સૌંદર્યાત્મક, આનંદપ્રેરક અને કલાત્મક અભિવ્યક્તિ વિશે બાળકો પોતાની કલ્પના શક્તિથી વિચારી શકે તથા અભિવ્યક્ત કરી શકે તે હેતુથી એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં પોએટ્રી કોમ્પિટિશન યોજવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર રીતે પોતાના કાવ્યો રજૂ કર્યા હતા. અને દરેક કવિતા દ્વારા કંઈક ને કંઈક સંદેશ મળી રહે તેવી સુંદર મજાની કવિતાઓ વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરી હતી.

શુકન સ્કાય, કુડાસણ ખાતે વાડોકાઈ કરાટેનો પદવીદાન સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા.૨૧

વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ગાંધીનગરના કુડાસણ સ્થિત શુકન સ્કાય સોસાયટી ખાતે નિઃશુલ્ક કરાટે પ્રશિક્ષણ કેન્દ્ર ચાલી રહ્યું છે. જે અંતર્ગત કરાટે વર્ગમાં અભ્યાસરત ૨૩ વિદ્યાર્થીઓને વિવિધ બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી. શિહાન અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે પ્રણવ વ્યાસને પરપલ બેલ્ટ, પલ રાવલ, તેજશ્રી દશોરા અને શાયોના ચેટરજીને બ્લ્યુ બેલ્ટ, પ્રેક્ષા જૈન તથા મીત સોમનાથેને ગ્રીન બેલ્ટ એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઓરેન્જ, યલો અને વ્હાઈટ-૧ની પરીક્ષા ઉત્તિર્ણ કરનાર વિદ્યાર્થીઓને પણ પદવી એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે પદવી મેળવનાર વિદ્યાર્થીઓને તેમના માતા-પિતા સમક્ષ કરાટેની વિવિધ ટેકૂનિક્સનું રોમાંચક નિદર્શન કર્યું હતું. પદવી મેળવનાર વિદ્યાર્થીઓને તેમના કોચ શિહાન અરવિંદભાઈ રાણા, શુકન સ્કાયનાં ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, સેક્રેટરી શૈલેષભાઈ પંચાલ સહિત ઉપસ્થિત વાલીગણે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજની રાજયકક્ષાની મીટીંગ રાંધેજા ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

આજે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્ય કક્ષા)ની મીટીંગ રાંધેજા ગામમાં ૮૪ બ્રહ્મ સમાજની વાડીમાં યોજાઈ હતી. જેમાં સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્ય કક્ષા)ના મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, ગાંધીનગર શહેર/જિલ્લા પ્રમુખ સુનીલભાઈ ત્રિવેદી, મહામંત્રી જોશી કલ્પેશભાઈ, મનીષભાઈ જાની, ઘનશ્યામભાઈ ત્રિવેદી સંગઠન મંત્રી, ઉપપ્રમુખ મનીષભાઈ ત્રિવેદી, વિપુલભાઈ ઠાકર, જીગ્નેશભાઈ રાવલ સહમંત્રી (રાજ્ય કક્ષા) ઉપસ્થિત રહ્યા હતા.

તથા રાંધેજા ખાતેના અગ્રણીઓ રવિભાઈ ત્રિવેદી, હસમુખભાઈ પંડ્યા, નીલેશભાઈ પંડ્યા, યોગેશભાઈ શુકલ, સુરેશકુમાર રાવલ, જતીનભાઈ પંડ્યા તથા સર્વે સમસ્ત ૮૪ બ્રહ્મ સમાજના ભૂદેવો બંધુઓ તથા રાંધેજા ના આગેવાનો આ મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

મિટિંગમાં અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્ય કક્ષા)માં થઈ રહેલ પ્રવૃત્તિઓ વિશે વિસ્તારમાં ચર્ચા કરવામાં આવેલ હતી અને સુનીલભાઈ ત્રિવેદી દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્ય કક્ષા)માં સર્વે ભૂદેવો જોડાય અને સમસ્ત બ્રહ્મ સમાજનું નેતૃત્વ જણાવાય અને એક જૂથ થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

વધુમાં સુનીલભાઈ ત્રિવેદી તથા અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા રાંધેજા ખાતે પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, સહમંત્રી વગેરે હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી.

તેજસ ગામીત
પ્રકૃતિ યુવા સંગઠન
મો. ૭૮૭૪૦ ૦૮૭૮૮

આજે સે-૩૦માં આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩૦-સીના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો સે-૩૦-સી ખાતેથી ૨ થી ૫ કલાકે શકિતચોકમાં ૨૨મીએ યોજાશે. સર્વે ભાવિભકતોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એસ.વી. સ્કૂલમાં બાળકોએ ચકલીઓ માટે ઘર બનાવ્યું

ગાંધીનગર, તા.૨૧

એસ.વી. પ્રી-સ્કૂલના બાળકોને 'ચકલી ઘર' બનાવવાનો પ્રોજેકટ આપવામાં આવ્યો હતો, જે અંતર્ગત શાળાના નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી.ના બાળકોએ તેમના વાલીઓની મદદથી ઘરમાં રહેલા જૂના ખોખા અને અન્ય વસ્તુઓનો ઉપયોગ કરીને ચકલીઓ માટે ચકલી ઘર બનાવી, પક્ષીઓ પ્રત્યે પોતાનો પ્રેમ વ્યકત કર્યો હતો. આ ચકલી ઘર કોઈએ પોતાના આંગણામાં ઝાડ ઉપર તો કોઈએ બાલ્કનીમાં લગાવી, પક્ષીઓને રહેઠાણ પુરું પાડી, સમાજ સેવાનું એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું. શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષિકાઓએ આ ઉમદા કાર્ય બદલ બાળકોને બિરદાવી, વાલીમિત્રોનો આભાર માન્યો હતો.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા સ્વર્ણિમ હોળી રંગોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

ઈન્ડિયન લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા સ્વર્ણિમ હોળી રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી બલરામ ભવન સેકટર-૧૨ ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે હિતેશભાઈ પંડયા, આશાબેન પંડયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક પ્રવચન બાદ કલબના હોદ્દેદારો અને તમામ મેમ્બરર્સે સાથે હોળી રમીને સૌએ તહેવારનો આનંદ માણ્યો હતો. આ મહોત્સવમાં ઈન્ડયિન લાયન્સ સ્વર્ણિમ કલબના પ્રેસિડન્ટ રાધેશ્યામાઈ યાદવ, ઉપપ્રમુખ મંગળસિંહ સોલંકી, સેક્રેટરી મહેન્દ્રસિંહ સોલંકી, ટ્રેઝરર સંજીવભાઈ યાદવ, જો. ટ્રેઝરર પ્રકાશભાઈ દવે, બોર્ડ ઓફ ડાયરેકટર મૌલિકભાઈ આરસોડીયા, ગુલાબચંદ્ર પટેલ, મહેન્દ્રભાઈ ચૌહાણ, માર્ગદર્શક મંડળ કુંપલબેન દવે, મીડિયા કન્વીનર અંકિતભાઈ યાદવ, ભરતભાઈ દેસાઈ, લાલસિંહ વાઘેલા, પ્રોજેકટ કો.ઓર્ડીનેટર વિમલાબેન યાદવ, લાયોનેસ કલબના પ્રેસિડન્ટ શિલ્પાબેન દેસાઈ, સરોજનબેન દવે, ઉષાબેન ચૌહાણ અને કલબના સભ્યો હાજર રહ્યા હતા.

સેક્ટર-૩૦ સરકારી પ્રાથમિક શાળામાં વિશ્વ વન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

વિશ્વ વન દિવસની ઉજવણી નિમિત્તે શાળાના બાળકોને વન ચેતના કેન્દ્ર ની મુલાકાત કરાવવામાં આવી હતી. વૃક્ષોનો ઉછેર વૃક્ષોની સાચવણી અને વૃક્ષો આપણને કેવી રીતે અને કેટલા ઉપયોગી છે તેને ખૂબ જ સરસ રીતે સમજ આપવામાં હતી અને શાળાના વિદ્યાર્થીઓને વન ભોજન પણ કરાવવામાં આવ્યું હતું.

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશનનાં સ્થાપક અને ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગરએ ગાંધીનગર મહાનગરપાલિકાનાં વિપક્ષ નેતા અંકિત બારોટની શુભેચ્છા મુલાકાત કરી હતી અને મિલાપ ટાટારિઆ ટાઈગરએ વિપક્ષ નેતા શ્રી અંકિત બારોટને અશ્વ ફ્રેમ એનાયત કરી જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત વિવિધ મુદ્દાઓને લઈને ચર્ચા વિચારણા કરી હતી.

સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે બે કલાક નોન-સ્ટોપ સ્કેટિંગ ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

સમર્પણ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે ૨ કલાક નોન-સ્ટોપ સ્કેટિંગ ઈવેન્ટનું યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ - જતીન દવે દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં ૧૫૦ પણ વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ મેડલ પ્રાપ્ત કર્યા હતાં. આ ઈવેન્ટનું સંપૂર્ણ સંકલન જી.ટી.એ નાં ફાઉન્ડર અને ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગર થકી કરવામાં આવ્યું હતું તથા ગાંધીનગર મહાનગરપાલિકાનાં વિપક્ષ નેતા શ્રી અંકિત બારોટ વિશેષ ઉપસ્થિત રહી દરેક ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં અને તમામ કોચશ્રીઓને એમનાં વરદહસ્તે મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

મિસ્ટર એન્ડ મિસ દિવ્યાંગ સ્પર્ધામાં ગાંધીનગરના બે દિવ્યાંગો ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના બે દિવ્યાંગોએ અમદાવાદ ખાતે યોજાયેલી મિસ્ટર એન્ડ મિસ દિવ્યાંગ સ્પર્ધામાં પોતાનાં જૌહર દર્શાવીને લોકોનાં દિલ જીત્યાં છે.

દિવ્યાંગજનો માટે ગુજરાતમાં જે પ્રવૃત્તિઓ થઈ રહી છે તે કાબિલે તારીફ છે. મનોદિવ્યાંગ વ્યક્તિઓ માટેની આરોગ્ય તપાસનો વર્લ્ડ રેકોર્ડ નોંધાવા જઈ રહ્યો છે એ સમાચારની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં તો એક નવી જ પ્રવૃત્તિના સમાચાર આવ્યા છે. અમદાવાદ ખાતે સોમવારે મિસ્ટર એન્ડ મિસ દિવ્યાંગ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં દિવ્યાંગોએ ભાગ લીધો હતો. ગાંધીનગર માટે ખુશ થવા જેવી બાબત એ કે આ અનોખી સ્પર્ધામાં ગાંધીનગરની મૂકબધિર દીકરી પૂજા મીના અને મનોદિવ્યાંગ દીકરા દક્ષ ગઢ્ઢરે ભાગ લઈ પોતાનાં જૌહર દેખાડ્યાં હાં.

પૂજા સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી હતી અને દક્ષને મિસ્ટર ગુજરાત દિવ્યાંગ તરીકે ફર્સ્ટ રનર-અપનું ઈનામ મળ્યું હતું.

જિજ્ઞેશ રાવલના માર્ગદર્શનમાં વિશિષ્ટ શિક્ષક અનુપબેન ગઢવી અને વિજય દેસાઈએ આ દિવ્યાંગોને તાલીમ આપીને સ્પર્ધામાં ભાગીદારી કરાવી હતી. નગરના ખેલપ્રેમી નગરજનો તરફથી બંને દિવ્યાંગોને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.